# નં. ૮૮ ઢોર માર મારનારની ગતિ

જઈ નરકમાં ઉપન્યો, મરડી એની કાય.
ભાંગ્યો એને કેડથી, ઉંધી ગદાની માય,
ભાગે તે બહુ જોરથી; પકડે પાછો હાથ.
રીબાવી ઘણો મારતા; કોણુ દીલાવે સાથ.

પશુઓને મારનાર નરકમાં પરમાધામીઓના અસહ્ય માર ખાય છે, કમરથી ભાંગી પીઠ ઉપર ગદાના પ્રહારોથી શરીરનો ચૂરો બનાવી દે છે.

જે કેઈ બાલા ઇહં જીવિયટ્ઠી, પાવાઈ કમ્માઇ કરેંતિ રુદ્દા ।
તે ઘોરરૂવે જમિસંધયારે, તિવ્વાભિતાવે નરએ પડતિં ॥૩॥

હે ગૌતમ ! આ સંસારમાં એવાં કેટલાંક પ્રાણીઓ છે. કે જે પોતાનું પાપમય જીવન ગુજારવાને માટે મહાન હિંસા આદિ પાપ કર્મ કર્યા કરે છે, આ કર્મોના પ્રભાવથી તેઓ મહા ભયાનક, અત્યન્ત અંધકાર યુક્ત તથા પારાવાર દુઃખમય ઘોર નરકમાં જાય છે, કે જ્યાં તેમને દીર્ઘકાળ સુધી અપાર દુઃખો વેઠવાં પડે છે. [૩]

સૂઅગડાંગ. સૂત્ર અ. ૫ ગા.

હે ગૌતમ ! આ આત્માએ જેવાં પુન્ય પાપ કર્યાં હોય છે; તે મુજબ આ સંસારમાં જન્મ જન્માંતરોમાં સુખ યા દુઃખ પામે છે. જો તેણે પુષ્કળ પાપ કર્યા હોય છે, તો તેને ત્યાં ઘોર કષ્ટ સહન કરવાં પડે છે, એવી નારકીય યોનિમાં જન્મ ધારણ કરી તે ત્યાં અનંત દુઃખ ભોગવે છે, જો પુન્ય કર્યાં હોય તો મનુષ્ય યા દેવલોકના સુખો ...ની અંતે જીવ મોક્ષનો અધિકારી થાય છે.



ડુંગર સળગાવનાર અને મોચીની

# નં. ૮૯ ડુંગરે દવ દેનાર

ડુંગર દવ દીધા ઘણા, હિંસાનો નહિ પાર.
વનચર તેમાં બાપડા, બળતા જીવ અપાર.
ભડથા થઈને તડફડતા, નાના મોટા જીવ.
પાપ કર્મના અંકથી, ચઢીઓ નરકે જીવ.

જે જીવો વનમાં જઈ ડુંગરાઓ સળગાવી દે. ત્યાં ધગ ધગતી અગ્નિથી વન વૃક્ષો, અને નાનાથી મોટા સુધીના જીવોનો સંહાર થાય છે. તેથી ઘોર કર્મ કરી આત્મા અધોગતિ પામે છે.

## ધર્મા બાબા

"કરે પાપ તો ખાય ધાપ" તેવા સિદ્ધાન્તવાળો અજ્ઞાન સ્વરૂપ ધર્માબાબા જંગલમાં જાય છે અને જીવડાઓ મારે છે અને પાપ કરતાં જરા પણ ન અચકાય.

ધર્માબાબાએ એક દિવસ ડુંગરા ઉપર જઈ આગ લગાડી દીધી. જંગલમાં એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી અનેક જીવોનો સંહાર થયો.

ધર્માબાબા ખેતરમાં પણ જાય અને ઘાસ ભેગું કરી આગ લગાડી દે છે. તેમાં ઘણા જીવો બળી તડફડે અને મરણ પામે છે.

ધર્માબાબાનો અજ્ઞાની આળશું આત્મા પાપોદયથી રૌદ્રધ્યાન વડે મરણ પામી નરકે ગયો.

અનર્થદંડથી અભાગીજન, બાંધે ખોટાં કર્મ
આત્મ સ્વભાવ સમજણ નહિ, કેમ લહે સુ…

# નં. ૯૦ દવ દેવાનું ફળ

જઈ નરકમાં ઉપન્યા ખાધા બહુલા માર.
પરમાધામી એમને, નાખે અગ્નિ માંય
તન તપાવ્યું આકરૂં, ઉપર ભાલાના ઘાવ
મુદ્ગર માર વધ્યાં ઘણાં, સહતાં ચઢશે તાવ.

ડુંગરાઓમાં, વનમાં, ખેતરમાં અને ઉપવનોમાં જેઓ દવ (અગ્નિ) દે છે. તેઓ ઘણા જીવોના સંહારક બની અધોગતિનો બન્ધ કરે છે.

અજ્ઞાની થઈ મુજ આતમા, કીધાં હિંસાના કામ.
દયા ન આણી જીવની, ન લીધા પ્રભુના નામ.
પ્રભુજી મારા ઓ'
વનમાં દવ દીધા ઘણા, તેથી ન પામ્યો આરામ.
શું કહું કથની મારી, તમે જાણો છો મારા આતમરામ.
પ્રભુજી મારા ઓ'

અષ્ટાદશ પુરાણેષુ વ્યાસસ્ય વચનં દ્વયં.
સુખસ્ય સુખમાદાય, દુખસ્ય પરપીડનં.
—શ્રી વ્યાસ

'પરોપકાર પુન્યાય પાપાય પરપીડન' પરોપકાર જેવું જગતમાં કોઈ બીજું પુન્ય નથી અને બીજાને પીડા કરવા જેવું કોઈ બીજું પાપ જગતમાં નથી.

૧૮ પુરાણોમાં બે વચન છે. અન્યને સુખ આપવાથી પોતાને પણ સુખ મળે છે. અને અન્યને દુખ દેવાથી પોતાને દુખ અનુભવવું પડે છે. માટે એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધી જીવોની દયા પાળવી; 'મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો.'

મનના પરિણામથી આત્મા અધોગતિનો બન્ધ કરે છે ... પણ મેળવે છે.



# નં. ૯૧ મોચીનું કર્મ

મોચી ભવમાં જે કર્યાં, માર્યા ચરતા જીવ-
ચામડ ચુંથી જીંદગી, ચુથ્યાં પ્રાણીના શીર.
રંગ્યા ઘણાં ચામડાં, જીવ હણવાની હોડ.
કેમ કરીને છુટશે, કર્મો બાંધ્યા કોડ

મોચીની ભાવના પ્રતિદિન હિંસાત્મક રહે છે. અને તે પરણુતિના લીધે અધોગતિનું બન્ધન કરે છે.

## ભાવના ભંગ થઈ

એક ડોશી અને એક મોચી પરદેશ ચાલ્યાં, ડોશીને ઘી લેવું હતું અને મોચીને ચામડાઓ. માર્ગમાં એક બીજા ડોશીનાં મહેમાન થયાં, ત્યારે ડોશીને જમવા માટે ઘરમાં બેસાડી અને મોચીને બાર બેસાડયો.

ઘી અને ચામડાઓ લઇ પાછા વળ્યા ત્યારે તે જ ડોશીને ત્યાં જમવા માટે મહેમાન થયાં, તે વખતે ડોશીને બહાર બેસાડયાં અને મોચીને અન્દર. મોચી બોલ્યો આમ કેમ?

ડોશી ઉત્તર આપે છે. કે જ્યારે તમે જતા હતા ત્યારે ડોશીની ભાવના પવિત્ર હતી કે સુકાળ થાય અને ઘીના ભાવ (ઘટે) પણ અત્યારે ઘી લઈને આવ્યા તેથી ભાવના પલટી કે દુકાળ થાય, પશુઓ મરે, તેથી ઘીના ભાવ વધે; માટે આવી દુર્ભાવનાથી ડોશીને બાર બેસાડયાં.

મોચીના ભાવ પહેલાં મલીન હતા કે દુકાળ પડે, પશુઓ મરે તેથી ચામડુ સસ્તુ થાય પણ હવે એના ભાવ બદલાયા કે સુકાળ થાય. પશુઓ ન મરે તેથી ચામડાના ભાવ વધે. માટે મોચીને અંદર બેસાડયો. મોચીકર્મની હિંસાત્મક ભાવના જીવને નરકે લઈ જાય છે.

# નં. ૯૨ મોચીની ગતિ

જઈ નરકમાં નીકળ્યો; પરમાધામી હાથ
શીત હિમાળે નાંખીઓ, બર્ફશિલાની સાથ.
ઠંડી માંહિ થીજીઓ, ઉપર માર્યો માર.
પરમાધામી પટકીઓ, મારે બરછી ધાર.

જીવ હિંસાનું આચરણ કરતો મોચીપણ અધોગતિનો બન્ધ કરે છે, તેના ભાવ હંમેશ ઘાતક રૂપ હોય છે.

નેરઇયા સત્તવિહા, પુઢવીસુ સત્તસુ ભવે ।
રયણાભા સક્કારાભા વાલુયાભા ય અહિઅં ।।
પંકાભા ધુમાભા, તમા તમતમા તહા ।।
ઈઈ નેરઇઆ એએ. સત્તહા પરિકિત્તિયા ।। ૨।।

હે ગૌતમ ! જે પામર જીવો દુષ્કૃત્યો કરી નરકમાં જાય છે તે નરકની ભિન્ન ભિન્ન શ્રેણી હોવાથી જ્ઞાની મહા પુરૂષોએ તેના સાત વિભાગ પાડયા છે. તે આ રહ્યા: (૧) જે સ્થળની પ્રભા તેજ વૈડૂર્ય રત્ન સમાન છે તેને રત્નપ્રભા નામની પ્રથમ નરક કહે છે. તે જ પ્રમાણે જે સ્થાનની પ્રભા પાષાણ, ધૂળ, કાદવ તથા ધુમાડા સમાન છે. તેને અનુક્રમે (૨) શર્કરા પ્રભા (૩) વાલુકા પ્રભા (૪) પંક પ્રભા અને ૫ ધુમ પ્રભા કહે છે.

જ્યાં ઘોર અંધકાર વ્યાપી રહ્યો છે, એવા છઠ્ઠા નરક સ્થાનને તમ પ્રભા કહેવામાં આવે છે, અને જ્યાં અત્યંત ઘનઘોર અંધકાર પ્રવર્તે છે તેને તમતમા પ્રભા નામની સાતમી નરકથી ઓળખવામાં આવે છે,

ઉત્તરાધ્યયન અ, ૩૬



ભૂમિ ફોડનાર ઘાતુકર્મ કરનારની

## નં. ૯૩ ભુમિ વિદારણ કરનાર

કોશ કોદાલા પાવડા, ભૂમિ વિદારણ રોજ.
ભૂમિ પેટ ફાડયાં ઘણાં. માનતાં ઘણેરી મોજ.
નાના–નાના જીવ જ્યાં, કરે ન દયા લગાર.
મારીને તું જીવડા, પામીશ કષ્ટ અપાર.

કોદાલા અને પાવડા આદિ વડે ભુમિના પેટ ફાડયાં તેમાં અળસીઆ આદિ અનેક જીવોની હત્યા કરી, જીવ પૃથ્વીકાયની વિરાધનાથી અધોગતિને પામે છે.

## દયા વિનાનો

નામ લસીયો, કાંડી ખોદાય છે, ત્યાં ચોમાસાના દિવસમાં ખોદવા જાય છે. એક એકની હરિફાઈથી જોયા વગર ખોદતા જ જાય. ચોમાસાની રૂતુમાં અઢાર ભાર વનસ્પતિ ઉત્પન્ન થાયછે. તેમજ બીજા સુક્ષ્મ તથા બાદર અને ત્રસ જીવોની પણ ઘણી ઉત્પત્તિ થાય છે.

ચોમાસુ હોવાથી અનેક જીવો પૃથ્વીમાંથી નિકળે છે પણ એ લોભી લસીઓ દેખ્યા વિના અનેક જીવડાઓનો સંહાર કરે છે. ઉપરથી કહે છે કે જોયું તમે! જુઓ મારી હિમ્મત.

એમ રાચી માચીને ઘોર હિંસા કરી સારૂ જીવન દુખ• મય વ્યતીત કરી બુદ્ધિ વિનાનો દુર્ગતિ પામ્યો.

યત્ના કરી ન જીવની, રાખ્યો મનમાં રોષ.
કર્મ વિપાકે દુખ મળે, ત્યાં દે અન્યને દોષ,

માટે જીવોએ બીજા જીવોની હિંસા ન કરવી હિંસા કરનારો જીવ નિશ્ચયથી નરકગામી થાય છે.